અનુસૂચિત જાતિ, જનજાતિ(અત્યાચાર
નિવારણ) નિયમો-૧૯૯૫ના નિયમ-૧૬
અન્વયે માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે
રાજય સ્તરની તકેદારી અને
મોનીટરીંગ સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
(સમાજ કલ્યાણ પ્રભાગ),
ઠરાવ ક્રમાંક:-હસલ/૧૦૯૪/૩૧૩૧/છ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- ૯/૯/૧૯૯૮.

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના તા.૩૧/૩/૯૫ના જાહેરનામા ક્રમાંક:-જી.એસ.આર.૩૧૬(ઇ)

(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૮-૯-૧૯૯૭નો સરકારી ઠરાવ ક્રમાંક:-હસલ/૧૦૯૪/૩૧૩૧/છ.

ઠ રા વ :-

અનુ.જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ની કલમ-૨૩ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ કેન્દ્ર સરકાર દ્વારા અનુ.જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો-૧૯૯૫,આમુખમાં ક્રમાંક-(૧) માં દર્શાવેલ જાહેરનામા દ્વારા અમલમાં મૂકેલા છે અને રાજય સરકાર દ્વારા આ નિયમોનો અમલ કરવામાં આવે છે. અનુ.જાતિ/જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમો--૧૯૯૫ ના નિયમ-૧૬ મુજબ, રાજય સરકાર દ્વારા માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવાની રહે છે, તે અન્વયે આવી રાજય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે આમુખમાં ક્રમાંક-(૨) આગળ દર્શાવેલ આ વિભાગના તા.૮-૯-૯૭ના સરકારી ઠરાવ ક્રમાંક:-હસલ/૧૦૯૪/૩૧૩૧/છ થી કરવામાં આવેલ ઉચ્ચકક્ષાની સમિતિ તથા પેટાસમિતિના હૂકમો રદ

.૨.

કરીને, સરકારશ્રીએ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષાપદે નીચે જણાવ્યા પ્રમાણેની સભ્યોની નિમણૂંક કરી રાજ્ય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવાનું આથી ઠરાવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | માન.મુખ્યમંત્રીશ્રી | અધ્યક્ષાશ્રી |
| (૨) | મા.મંત્રીશ્રી (સમાજ કલ્યાણ) | સભ્યશ્રી |
| (૩) | મા.મંત્રીશ્રી (નાણાં) | સભ્યશ્રી |
| (૪) | મા.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) | સભ્યશ્રી |
| (૫) | મા.રા.ક.મંત્રીશ્રી (સહકાર) | સભ્યશ્રી |
| (૬) | મા.રા.ક.મંત્રીશ્રી (ગૃહ) | સભ્યશ્રી |
| (૭) | મા.રા.ક.મંત્રીશ્રી (આદિજાતિ) | સભ્યશ્રી |
| (૮) | મુખ્યસચિવશ્રી | સભ્યશ્રી |
| (૯) | અગ્ર સચિવશ્રી (ગૃહ) | સભ્યશ્રી |
| (૧૦) | અધિક મુખ્ય સચિવશ્રી (સ.ક.) | સભ્ય સચિવશ્રી |
| (૧૧) | અધિક મુખ્ય સચિવ/સચિવશ્રી (આદિજાતિ કલ્યાણ) | સભ્યશ્રી |
| (૧૨) | પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ. | સભ્યશ્રી |
| (૧૩) | અનુસૂચિત જાતિ અને જનજાતિના રાષ્ટ્રીય આયોગના નિયામકશ્રી, અમદાવાદ. | સભ્યશ્રી |
| (૧૪) | વિરોધ પક્ષાનાં નેતાશ્રી | સભ્યશ્રી |
| (૧૫) | મા. શ્રી બાંગારૂ લક્ષ્મણજી, સંસદસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૧૬) | મા. શ્રી રતિલાલ વર્મા, સંસદસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૧૭) | મા. શ્રી મહેશકુમાર કનોડીયા, સંસદસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૧૮) | મા. શ્રી મણીભાઇ ચૌધરી, સંસદસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૧૯) | મા. શ્રી પરબતભાઇ શોધમ, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૦) | મા. શ્રી માધુભાઇ બાબરીયા, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૧) | મા. શ્રી આત્મારામ પરમાર, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૨) | મા. શ્રી ઇશ્વરભાઇ મકવાણા, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૩) | મા. શ્રી સામતભાઇ રાઠોડ, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૪) | મા. શ્રી મનહરભાઇ ઝાલા, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| (૨૫) | મા. શ્રી રજનીકાંત રજવાડી, ધારાસભ્યશ્રી | સભ્યશ્રી. |

૩. ઉપર્યુકત સમિતિ અધિનિયમની જોગવાઈઓના અમલીકરણ, ભોગ બનેલી વ્યકિતઓને પૂરી પડાતી રાહત અને પુન:વસવાટ સવલતો અને તેની સાથે સંકળાયેલી બીજી બાબતો, અધિનિયમ હેઠળના ફોજદારી કેસો, અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જવાબદાર જુદાજુદા અધિકારીઓ/એજન્સીઓએ ભજવેલી ભૂમિકા અને રાજય સરકારને મળેલા જુદાજુદા રિપોર્ટનું પુન:વિલોકન કરશે તથા આ સમિતિ એક અંગ્રેજી વર્ષમાં જાન્યુઆરી અને જુલાઈ મહિનામાં ઓછામાં ઓછા બે વાર મળશે.

૪. આ સમિતિનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે રહેશે. આ સમિતિના બિનસરકારી સભ્યોને પ્રવાસભથ્થુ, દૈનિકભથ્થુ, નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક:- એમએસબી/૧૦૮૨/૨૯૮/જ તા.૧૮-૨-૮૨ની જોગવાઈ અનુસાર મુંબઈ મુલકી સેવા નિયમોના ભાગ-૨ ના પરિશિષ્ટ-૪૨-એ ના વિભાગ-૨ મુજબ મળવાપાત્ર થશે.

૫. આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રના સદર ''માંગણી ક્રમાંક:-૯૩, મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુ.જનજાતિઓ અને અન્ય પછાતવર્ગ કલ્યાણ, બી.સી.કે.(૫૭) નાગરિક એકમ'' ખાતે ઉધારવાનું રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની ફાઈલ ક્રમાંક:-હસલ-૧૦૯૪-૩૧૩૧-હ ઉપર નાણાં વિભાગની તા.૨૫-૮-૧૯૯૮ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

રવાના કર્યું
સહી ..................

( વિ. મ. પરમાર )
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

સમિતિના તમામ સભ્યો.

સચિવાલયના સર્વે વિભાગો.

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી હિસાબી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે કલેક્ટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા પોલીસ વડાઓ.
સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ.
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત).
નાણાં શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, માહિતી ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ
(અખબારી યાદી પ્રસિધ્ધ કરવા સારુ).
સમાજ કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઈલ.

મહેતા/૪૯/સ્ટે.